ગાંધીનગર સમાચાર

# બેઠાડુ જીવનના પગલે ડાયાબિટીસ જેવા અનેક રોગો ઊભા થયા છે : નીતિન પટેલ




ગાંધીનગર, તા. ૧૧

વિશ્વમાં અન્ય પડકારોની સાથે સાથે બેઠાડુ જીવન અને તેના પગલે ઉભા થતા રોગો પણ એક મોટો પડકાર છે. બદલાતી જીવનશૈલીને પરિણામે લોકોમાં અનેક પ્રકારના શારીરિક રોગો ઉભા થયા છે, ત્યારે આપણી દૈનિક પ્રક્રિયામાં શારીરિક શ્રમની સાથે કસરતનુ પણ મહત્ત્વ છે એમ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે.

તેઓ અમદાવાદમાં કે.ડી. હોસ્પિટલ અને રિલાયન્સના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી કે.ડી મેરેથોનને નાયબ મુખ્યમંત્રીએ ફલેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું .આ પ્રસંગે રાજ્યના ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

નાયબ મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે રાજ રોગ તરીકે ઓળખાતો ડાયાબિટીસ રોગ એક સમયે માત્ર સાધન સંપન્ન કે અમીર પરિવારોમાં જોવા મળતો હતો પરંતુ આજે આ રોગ નાના બાળકો યુવાનોમાં પણ મોટા પ્રમાણમાં જોવા મળે છે.

યુવા પેઢીમાં આ રોગ માટેનું સૌથી જવાબદાર પરિવાર એટલે બેઠાડું જીવન છે. આજના યુવાનોમા શ્રમનું પ્રમાણ અત્યંત ઘટ્યું છે એટલું જ નહીં. આજની યુવા પેઢી બેઠાડું જીવનની સાથે સાથે સમય જાગૃતિના અભાવ વચ્ચે કસરત કરવાથી પણ દૂર રહી છે ત્યારે યુવાનોમાં જાગૃતિ આવે તે માટે આ પ્રકારની મેરેથોન એ સમયની માગ છે.

## મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે

# આઈલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીની બેઠક

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી આઈલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીની બીજી બેઠકમાં રાજયના ૫૦ હેકટરથી વધુ ક્ષેત્રફળ ધરાવતા આઈલેન્ડ-બેટના પ્રવાસન ધામ તરીકે વિકસાવવાની સંભાવનાઓ અંગે ફળદાયી પરામર્શ કરવામાં આવ્યો હતો.

ગુજરાત ૧૬૦૦ કિ.મી. લાંબો સમુદ્રકિનારો અને ૧૪૪ થી વધુ આઈલેન્ડસ-બેટ ધરાવતું દેશનું વિકાસશીલ રાજ્ય છે તે સંદર્ભમાં ભારત સરકારની આઈલેન્ડ ડેવલપમેન્ટ પોલિસીને સુસંગત રાજયના આઈલેન્ડ ટાપૂઓના વિકાસ માટે ગુજરાત સરકારે ગત ઓગસ્ટ માસમાં આઈલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીની રચના કરેલી છે.

મુખ્યમંત્રી આ ઓથોરિટીના અધ્યક્ષ તેમજ નાયબ મુખ્યમંત્રી, પ્રવાસન મંત્રી, વન-પર્યાવરણ મંત્રી સહિત વરિષ્ઠ સચિવો આ ઓથોરિટીના સભ્ય તરીકે સેવાઓ આપે છે.

આ ઓથોરિટીનો હેતુ રાષ્ટ્રીય સુરક્ષાની જાળવણી સાથે ટાપૂઓ પર આર્થિક ગતિવિધિ અને પ્રવાસનને પ્રોત્સાહન આપવાનો છે.

વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી આ ઓથોરિટીની બીજી બેઠકમાં ટાપૂઓ પર પ્રવાસન સહિતના સર્વગ્રાહી વિકાસની ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં જણાવવામાં આવ્યું કે, જિલ્લા કલેકટરો દ્વારા પિરોટન, કાળુભાર, ગાંધીયાકડો, પાનેરો, રોજી, અજાડ, ભાઈદર, શિયાળ, નોરા, પિરમ, વાલવોડ અને આલિયા બેટ તેમજ કેડીયા બેટ જેવા ૧૩ જેટલા ટાપૂઓની વિકાસ સંભાવનાઓ વાળા ટાપૂ તરીકે ઓળખ કરવામાં આવી છે.

આ બધા ટાપૂઓનો ડ્રોન ટેકનોલોજી દ્વારા મરિન પોલીસ અને કોસ્ટગાર્ડની સહાયથી સર્વે પણ હાથ ધરવામાં આવેલો છે.

આ ટાપૂઓની પસંદગી વિશેષતાઓ તેમજ ભરતી વેળાની સ્થિતી વિષયક બાબતો અંગે બેઠકમાં વિસ્તૃત ચર્ચા વિચારણા પણ કરવામાં આવી હતી.

ખાસ કરીને પિરોટન ટાપૂ અને શિયાળ બેટ ટાપૂની પ્રવાસન વિકાસ સંભાવનાઓ અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

પિરોટન ટાપૂ નજીકના ન્યૂ બેડી બંદરથી ત્યાં પહોચી શકવાની બાબતે આ ટાપૂ પર લીમડો, કાથી, આંબળા, બાવળ જેવા વૃક્ષો અને ચેરના વૃક્ષ સહિત પરવાળા તેમજ ટાપૂ પર લાઈટ હાઉસ-દીવાદાંડી વગેરેને કારણે ટાપૂના પ્રવાસન ધામ તરીકે વિકાસની સંભાવનાઓ પ્રબળ છે તેની વિશદ ચર્ચા બેઠકમાં થઈ હતી.

શિયાળ બેટ ટાપૂના સંદર્ભમાં આ બેઠકમાં જણાવવામાં આવ્યું કે, નજીકના પીપાવાવ પોર્ટથી શિયાળ બેટ – સુવઈ બેટનું અંતર તેમજ સ્થાનિક ગ્રામ પંચાયત, વીજળી અને પાઈપ લાઈનથી પાણી પૂરવઠો, સોનેરી રેત ધરાવતો સમૂદ્ર પટ – બીચને પરિણામે ત્યાં પણ પ્રવાસન વિકાસ સંભાવનાઓ રહેલી છે.

મુખ્યમંત્રીએ આ બે ટાપૂઓની સ્થિતીનો વધુ ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને વ્યાપક વિકાસ સંભાવનાઓ તપાસવાનું પ્રેરક સૂચન કર્યુ હતું.

## જન્મદિને વધામણી



મુકેશચંદ્ર ઈશ્વરલાલ ઠક્કર
ફોન : ૨૩૨૨૭૩૬૯



દિગીષા ગજ્જર
લાયોનેસ કલબ

# વિશ્વનું સૌપ્રથમ સીએનજી ટર્મિનલ ભાવનગર પૉર્ટ પર

ગાંધીનગર, તા. ૧૧

ભાવનગર માટે સતત નકારાત્મક અહેવાલો વચ્ચે એક આશાનું કિરણ જન્મ્યું છે. સમગ્ર વિશ્વનું સૌપ્રથમ કમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (સીએનજી) ટર્મિનલ ભાવનગર પોર્ટ નજીક રૂપિયા ૧૯૦૦ કરોડના ખર્ચે યુનાઈટેડ કિંગડમ (યુ.કે.)ની એક કંપની દ્વારા બનાવવાની યોજનાને ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડ (જીઆઈડીબી) દ્વારા મંજૂરી પણ આપવામાં આવી છે. આ અંગે લંડનની કંપનીએ મંજૂરી પણ આપી દીધી છે.

યુ.કે.માં હેડક્વાર્ટર ધરાવતી કંપની ફોરસાઈટ ગ્રુપ સર્વિસીઝ લિમિટેડ અને અમદાવાદની પદમનાભ મફતલાલ ગ્રુપ દ્વારા ભાવનગર પોર્ટ નજીક નવું પોર્ટ ટર્મિનલ બનાવવામાં આવશે. લંડન સ્થિત કંપનીએ ગુજરાત મેરિટાઈમ બોર્ડ (જીએમબી) સાથે વાયબ્રન્ટ ગુજરાતની ૨૦૧૯ની આવૃત્તિ દરમિયાન ગુજરાતના દરિયાકાંઠે સીએનજી ટર્મિનલ બનાવવા માટેના કરાર કર્યા હતા. પ્રસ્તાવિત પોર્ટ ટર્મિનલથી વાર્ષિક ૬૦ લાખ મેટ્રિક ટન કાર્ગો હેન્ડલિંગ કરવામાં આવશે. ભાવનગર પોર્ટ દ્વારા ગત વર્ષે ૩૧ લાખ ટન કાર્ગોનું હેન્ડલિંગ કરવામાં આવ્યું હતું. જે ઈતિહાસમાં સૌથી વધુ હતું. નવું ટર્મિનલ બનવાથી ભાવનગર બંદરનો વિકાસ રોકેટ ગતિએ થશે.

ભાવનગર બંદરની નોર્થ કવે જેટી પર નવો પ્રોજેક્ટ આકાર લેશે, જયારે દક્ષિણ દિશામાં આવેલી કોંક્રિટ જેટી પર વર્તમાન વ્યવસ્થાથી કાર્ગો હેન્ડલિંગ ચાલુ રહેશે.

જીએમબીના ગાંધીનગર સ્થિત સૂત્રોના જણાવ્યા પ્રમાણે કુલ ૧૯૦૦ કરોડના પ્રોજેક્ટ પૈકી પ્રથમ ચરણમાં રૂપિયા ૧૩૦૦ કરોડ અને દ્વિતિય ચરણમાં ૬૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા પ્રોજેક્ટને મંજૂરી આપી દેવામાં આવી છે.

## નેશનલ ચેમ્પિયનશીપ સિલેક્શન માટે

# ગુજરાત સ્ટેટ અન્ડર-૧૦ અને અન્ડર-૧૬ ઈન્ટર સ્કૂલ ચેસ ચેમ્પીયનશીપ ૧૬મીથી

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત સ્ટેટ અન્ડર-૧૦ અને અન્ડર-૧૬ ઈન્ટર સ્કૂલ ચેસ ચેમ્પિયનશીપ ફૉર નૅશનલ-૨૦૧૯નું આયોજન ચેસ ન્યૂ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ એસોસીએશન દ્વારા ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશનના નેજા હેઠળ તા. ૧૬.૧૧.૨૦૧૯ અને ૧૭.૧૧.૨૦૧૯ના રોજ રાઈફલ કલબ, ખાનપુર, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે. ટુર્નામેન્ટનો પ્રથમ રાઉન્ડ તા.૧૬-૧૧-૨૦૧૯ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે શરૂ થશે.

અંદાજે કુલ ૧૭૫ જેટલા ખેલાડીઓ ગુજરાતમાંથી વિવિધ જિલ્લાઓમાંથી આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા આવશે. પ્રથમ પાંચ વિજેતા ખેલાડીઓ (પ્રત્યેક કેટેગરીમાંથી)ને ટ્રોફી દ્વારા નવાજવામાં આવશે. પ્રથમ બે શ્રેષ્ઠ ખેલાડીઓ (પ્રત્યેક કેટેગરીમાંથી) ઔરંગાબાદ, મહારાષ્ટ્ર ખાતે રમાનાર નેશનલ ટુર્નામેન્ટમાં ગુજરાત રાજયનું પ્રતિનિધિત્વ કરશે. વધુ માહિતી માટે www.gsca.in વેબસાઈટ વિઝિટ કરવા અથવા ભાવેશ પટેલ (મો. ૯૪૨૬૦ ૬૪૭૦૨)નો સંપર્ક કરવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ‘મહા’ વાવાઝોડાનું સંકટ ટળ્યું ૧૫મી નવેમ્બરથી શિયાળો શરૂ

## સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતમાં સામાન્ય વરસાદની વકી

ગાંધીનગર, તા. ૧૧

અરબી સમુદ્રમાં ઉદભવેલું મહા વાવાઝોડુંનું સંકટ ટળ્યું હોવાનું સત્તાવાર રીતે અમદાવાદ પ્રાદેશિક હવામાન ખાતા દ્વારા આજે જાહેર કરવામાં આવ્યું હતું. ગુજરાત માથેથી મહાની ઘાત ટળતા તંત્રએ હાશકારો લીધો છે. જો કે, વાવાઝોડું ટળ્યું છે પરંતુ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં સામાન્ય વરસાદની આગાહી કરી છે. સાથે જ શિયાળાની ૧૫મી નવેમ્બરથી શરૂઆત થતી હોવાની જાહેરાત કરી હતી.

ખાતાએ જણાવ્યું હતું કે મહા વાવાઝોડાનું હવે ગુજરાત પર સંકટ નથી. સોમ-મંગળ દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં સામાન્ય વરસાદ પડશે. ત્યારબાદ બે દિવસ વાતાવરણ સામાન્ય રહેશે. શિયાળો ૧૫મી નવેમ્બરથી શરૂ થશે. શરૂઆતના તબક્કે ફૂલગુલાબી ઠંડી અનુભવાશે, પછી ઠંડી આકરી થતી જશે.

# એસબીઆઈએ એમસીએલઆર આધારિત લોન ૦.૦૫ ટકા સસ્તી કરી

ગાંધીનગર, તા. ૧૧

દેશની જાહેર ક્ષેત્રની સૌથી મોટી ધિરાણકર્તા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ તમામ મુદત માટે તેના ધિરાણ આધારિત સિમાંત ખર્ચના દરમાં ૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવાની જાહેરાત કરી છે. આ નવા દરો ૧૦મી નવેમ્બરથી અમલી બનશે. આ ઘટાડા બાદ એક વર્ષ માટે એમસીએલઆર ૮.૦૫ ટકાથી ઘટી ૮ ટકા થશે. આ સાથે ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન બેંકે સતત સાતમી વખત એમસીએલઆરમાં ઘટાડો કર્યો છે. અગાઉ બેંકે ઓક્ટોબરમાં તેના એમસીએલઆરમાં તમામ મુદત માટે ૧૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. અર્થવ્યવસ્થામાં પૂરતા પ્રમાણમાં તરલતાની સ્થિતિને સુનિશ્ચિત કરવા એસબીઆઈ દ્વારા ૧૦મી નવેમ્બર,૨૦૧૯ થી અમલી બને તે રીતે તેના મુદતી થાપણો પરના વ્યાજ દરોમાં ઘટાડો કર્યો છે. એસબીઆઈએ રૂપિયા ૨ કરોડ કરતાં ઓછી જમા રકમ પર ૧ થી ૨ વર્ષની અવધી માટે વ્યાજ દર ૬.૪૦ ટકાથી ઘટાડી ૬.૨૫ ટકા કરવામાં આવ્યો છે. જયારે સિનિયર સિટીઝન માટે દર ૬.૯૦ ટકાથી ઘટાડી ૬.૭૫ ટકા કરવામાં આવ્યો છે. એમસીએલઆર પર આધારિત ધિરાણ મેળવનાર નવા ગ્રાહકોને તાત્કાલિક લાભ મળશે, પરંતુ જૂના ગ્રાહકો માટે વ્યાજ દર લોનની પુનઃનિર્ધારીત તારીખ પર જ બદલાશે. ઉપરાંત એસબીઆઈના રેપો રેટના આધાર પર ધિરાણ આપે છે. તેની સાથે જોડાયેલ ધિરાણ મેળવનાર તમામ ગ્રાહકોને એસબીઆઈ દ્વારા રેપો રેટ ઘટાડવાથી તાત્કાલિક ફાયદો મળે છે.

## શાકભાજીના ભાવ નાગરિકોને વગર શિયાળે ધ્રુજાવી રહ્યા છે

# આદુ, ટામેટાં, ડુંગળીનો કૂદકે ને ભૂસકે વધતો ભાવ

## સામાન્ય ક્વાલિટીની ડુંગળી પણ અત્યારે ૬૦ રૂપિયે વેચાઈ રહી છે, આગામી સપ્તાહ બાદ ક્રમશઃ ભાવ સામાન્ય થવાની આશા

ગાંધીનગર, તા. ૧૧

મોસમનો અંદાજ અઘરો થઈ ગયો છે, એવી જ રીતે શાકભાજી એમાંય ખાસ કરીને ડુંગળી, બટાકા અને ટામેટાંના ભાવનો અંદાજ પણ ગૃહિણીઓ માટે મુશ્કેલી બની ગયો છે. હાલ છૂટક બજારોમાં ૮૦ ₹ ડુંગળી, ૬૦ ₹ ટામેટાં, ૨૫ ₹ બટાકા અને ૨૦૦ ₹ કિલોના ભાવે આદુનું વેચાણ થઈ રહ્યું છે.

ડુંગળી, ટામેટાં અને બટાકાનો આ ભાવવધારો ગૃહિણીઓને રડાવી રહ્યો છે અને એની સાથે જ સામાન્ય માણસના ઘરનું બજેટ ખોરવાઈ રહ્યું છે. આ ભાવવધારાને ઘટાડવાની તંત્રની કોઈ સ્પષ્ટ નીતિ હજુ સુધી જાહેર ન થતાં નાગરિકોમાં ભારે રોષ છે.

અમદાવાદ શહેરના વિવિધ બજારોમાં વિસ્તાર પ્રમાણે ભાવમાં આંશિક વધઘટ જોવા મળી રહી છે. પરંતુ ડુંગળી કિલો દીઠ સરેરાશ ₹ ૮૦ અને ટામેટાંનું ₹ ૬૦ના ભાવે જ વેચાણ થઈ રહ્યું છે. ડુંગળીના જથ્થાબંધ વેપારીના જણાવ્યા મુજબ, ‘અગાઉ પણ ડુંગળીના ભાવ ૮૦ સુધી પહોંચી ગયા હતા. જેનું કારણ મહારાષ્ટ્રમાં આવેલું પૂર હતું. પરંતુ ત્યારબાદ પરિસ્થિતિ સામાન્ય થતાં ભાવમાં નરમાશ જોવા મળી હતી અને ડુંગળી ₹ ૪૦ સુધી આવી હતી. દિવાળીના તહેવારોમાં વેકેશનના લીધે ડુંગળીની માગમાં ઘટાડો થયો હતો. દિવાળી બાદ ફરીથી શાકભાજી અને ડુંગળીની આવક વધી જતાં માલની ખેંચ અનુભવાય છે.

ખાસ કરીને સારી ક્વોલિટીની ડુંગળીના કિલોના ભાવ ૮૦થી ૯૦ સુધીના છે. દેખાવમાં નાની અને સામાન્ય ક્વાલિટીની ડુંગળી પણ અત્યારે ૬૦ રૂપિયે વેચાઈ રહી છે. આગામી સપ્તાહ બાદ ક્રમશઃ ભાવ સામાન્ય થવાની આશા છે.’ બે મહિના અગાઉ ૬૦ના વેચાતા ટામેટાં ઘટીને ૩૦ સુધા આવી ગયા હતા અને ફરીથી તે ૬૦ની ઉચ્ચ સપાટી પર છે.

# જીએસટીમાં ડીનને લાગૂ કરાયો વેપારીઓ પર સીધી અસર થશે

ગાંધીનગર, તા. ૧૧

કેન્દ્ર સરકારે ઈન્કમટેક્સ બાદ જીએસટીમાં ડીનને લાગૂ કર્યો છે. દેશના વેપારીઓના હિતોના રક્ષણ માટે આવું પગલું ભરવામાં આવ્યું છે. સીબીઆઈસીના આદેશ પ્રમાણે ડીનનો ઉપયોગ એવા જીએસટી કેસોમાં થશે, જેની ઈન્કવાયરી ચાલી રહી હોય અને જેમની સામે અરેસ્ટ કે સર્ચ વૉરંટ નીકળ્યું હોય. સીબીઆઈસી પ્રમાણે ૮મી નવેમ્બર પછી જે પણ કાગળ જાહેર થશે તેમાં ડીન આપવો જરૂરી છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે નાણા મંત્રાલયની પહેલ બાદ આ વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. હવે વિભાગ તરફથી જાહેર કરવામાં આવનાર તમામ નોટિસો પર કોમ્પ્યુટર જનરેટેડ ડોક્યુમેન્ટ આઈડેન્ટિફિકેશન નંબર હશે. સાથે જ નવા નિર્ણય પ્રમાણે આ નંબર ટેક્સપેયર્સને મળતા તમામ ડોક્ટુમેન્ટ્સ પર જરૂરી બની ગયો છે. આ સિસ્ટમથી ટેક્સ એડમિનિસ્ટ્રેશનમાં વધારે પાદર્શકતા લાવી શકાશે તેમજ જવાબદારી નક્કી કરી શકાશે.

ટેક્સ ડિપાર્ટમેન્ટ જે નોટિસ બહાર પાડે છે તેમાં કોમ્પ્યુટર જનરેટેડ ડીન હોય છે. જો કોઈ પણ નોટિસ પર આ નંબર નથી તો તેનો મતલબ એવો થાય કે આ નોટિસ કાયદેસર નથી. રેવન્યૂ સચિવ ડૉ. અજય ભૂષણ પાંડેયનું કહેવું છે કે અપ્રત્યક્ષ ટેક્સ પર સરકારમાં સૌથી પહેલા ડીનનો ઉપયોગ કોઈ પણ તપાસ પ્રક્રિયા માટે પાઠવવામાં આવેલા સમન્સ, તપાસ માટે અધિકૃત કરવા માટે, ધરપકડ વૉરંટ, તપાસ નોટિસ અને પત્રો પર કરવામાં આવશે.જો કોમ્પ્યુટર જનરેટેડ ડીન વગર કોઈ પત્ર-વ્યવહાર કરે છે તો તે અમાન્ય ગણાશે. કાયદાકીય રીતે આ ખોટું ગણાશે અને એવું માની લેવામાં આવશે કે આવો પત્ર ક્યારેય જાહેર જ નથી થયો. ડીનનિર્ણય તમામ પ્રકારના પત્ર-વ્યવહારના યોગ્ય ઑડિટ જાણકારીઓને યોગ્ય રીતે ડિજિટલ ડિરેક્ટરીમાં સ્ટોર કરવા માટે કરવામાં આવે છે.

# ડુંગળીના ભાવ ઘટશે : ૨,૫૦૦ ટન જથ્થો ભારત પહોંચ્યો

## વધુ ૩,૦૦૦ ટન ડુંગળીનો જથ્થો પણ ટૂંક સમયમાં ભારતીય બંદરો પર પહોંચી જશે

ગાંધીનગર, તા. ૧૧

ડુંગળીની વધતી કિંમતથી પરેશાન લોકો માટે રાહતભર્યા સમાચાર આવ્યાં છે. ડુંગળીના વધતા ભાવને અંકૂશમાં લેવા કેન્દ્ર સરકાર સક્રિય બની છે અને આયાતને ઝડપી બનાવી બજારમાં પુરવઠાની સ્થિતિને સામાન્ય કરવા પ્રયત્નશીલ બની છે. આ સાથે વિદેશમાંથી આશરે ૨,૫૦૦ ટન ડુંગળી બંદરો પર પહોંચી ગઈ છે ત્યારે વધુ ૩,૦૦૦ ટન ડુંગળીનો જથ્થો પણ ટૂંક સમયમાં ભારતીય બંદરો પર પહોંચી જશે. ડુંગળીનો આ જથ્થો છૂટક બજારમાં ટૂંક સમયમાં આવી જશે.

કૃષિ મંત્રાલયના સૂત્રોના જણાવ્યાં પ્રમાણે ૮૦ કન્ટેનરમાં ૨,૫૦૦ ટન ડુંગળી ભારતીય બંદરો પર પહોંચી ગઈ છે, ૭૦ કન્ટેનર મિસ્રથી ૧૦ કન્ટેનર નેધર્લેન્ડથી આયાત કરવામાં આવ્યા છે. વધુ ૧૦૦ કન્ટેનરમાં ૩,૦૦૦ ટન ડુંગળીની પણ આયાત કરવામાં આવી રહી છે અને ટૂંક સમયમાં ભારતીય બજારોમાં આવી જશે. ડુંગળીના પુરવઠાને સામાન્ય બનાવવામાં આવી રહ્યો છે, દેશના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદને લીધે આ વર્ષ ડુંગળીના ૩૦ થી ૪૦ ટકા ઉત્પાદનને અસર થઈ છે. દેશના કેટલાક ભાગોમાં ડુંગળીના ભાવો પ્રતિ કીલો રૂપિયા ૧૦૦ થઈ ગયા હતા. ખાદ્ય અને ગ્રાહક બાબતના પ્રધાન રામ વિલાસ પાસવાને કહ્યું હતું કે ગત વર્ષની તુલનામાં આ વર્ષ ડુંગળીનું ઉત્પાદન ૪૦ ટકા ઓછું થયું છે.આ વર્ષ દેશમાં ચોમાસામાં આશરે એક મહિનો વિલંબ થતા તથા મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં ડુંગળીના પાકને વ્યાપક નુકસાન પહોંચતા ભાવોમાં આ ઉછાળો આવ્યો છે.

# એચ-૧બી વીઝા ધરકોના સ્પાઉસની વર્ક પરમિટ રદ કરવાનો યુએસ કોર્ટનો ઈનકાર

ગાંધીનગર, તા. ૧૧

અમેરિકામાં H-1B વીઝા ધારક કર્મચારીઓ માટે એક સારા સમાચાર આવ્યા છે. ઓબામાના શાસનકાળ દરમિયાન H-1B વીઝા ધરાવતા કર્મચારીઓના સ્પાઉન્સની યુએસમાં વર્ક પરમિટને રદ કરવાની અરજીને યુએસની કોર્ટે ફગાવી દીધી છે. આ ચુકાદાને પગલે લાખો ભારતીય કર્મચારીઓને લાભ થશે. H-1B વીઝા એ નોન ઈમિગ્રન્ટ વીઝા છે જેના દ્વારા ભારતીય કર્મચારીઓ યુએસ સ્થિત કંપનીમાં વિદેશી કર્મચારી તરીકે નોકરી કરી શકે છે.

૨૦૧૫માં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પુરોગામી બરાક ઓબામાએ H-1B વીઝા ધરાવતા કર્ચમારીઓના પતિ કે પત્ની એવા H-4 વીઝા ધારકોને વર્ક પરમિટની મંજૂરી આપી હતી. આ મંજૂરીનો સૌથી વધુ લાભ ભારતીય કર્મચારીઓની મહિલાઓને થતો હતો. પરંતુ યુએસના કેટલાક કર્મીઓએ આ વિશેષ મંજૂરીનો ટ્રમ્પ પ્રશાસન સામે વિરોધ નોંધાવ્યો હતો. કોલમ્બિયા જિલ્લાની યુએસ કોર્ટ ઓફ અપીલ્સના ત્રણ જજોની બેન્ચે શુક્રવારે આ કેસ ફરી નીચલી કોર્ટને મોકલી આપ્યો હતો અને આ કેસમાં જિલ્લા કોર્ટને કેસનું ઝિણવટભર્યું પૃથ્થકરણ કરી ત્યારબાદ મેરિટ નક્કી કરવા જણાવ્યું હતું.

યુએસના સેવ્સ જોબ્સ દ્વારા એક અરજી કરવામાં આવી હતી જેમાં જણાવ્યું હતું કે, H-4 વીઝા ધારકોને વર્ક પરમિટની મંજૂરીને પગલે તેમની છટણી કરી દેવામાં આવી હતી.

# ગુરૂ નાનક : હિન્દુ કા ગુરુ, મુસલમાન કા પીર

પાકિસ્તાન ખાતેનું કરતારપુર કે જે આંતરરાષ્ટ્રીય સીમાથી ૪ કિલોમીટર જેટલું દુર છે જ્યાં શીખોના ધર્મગુરુ અને શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનક સાહેબે જીવનના છેલ્લા ૧૮ વર્ષ ગાળેલ એવા શીખોની આસ્થાનું કેન્દ્રને દર્શન માટે ભારતના



**પ્રસંગસર**

**તીષ શામળદાન ચારણ**

sscharan_aaa@yahoo.co.in

પંજાબમાં આવેલ ડેરા બાબા નાનક સાથે ગુરુ નાનકના જન્મદિનના ત્રણ દિવસ પહેલાં જોડવામાં આવ્યું છે. આજથી ૫૫૦ વર્ષ પહેલા ઈ.સ.૧૪૬૯માં કારતક પુર્ણિમા એટલે દેવદિવાળીના દિવસે પાકિસ્તાનના પંજાબ પ્રાંતના લાહોરથી દસબાર ગાઉ તલવંડી અને આજના ‘ નાનકાના સાહિબ ’ગામમાં જન્મેલા નાનકના પિતાનું નામ કાલુચંદ અને માતા ત્રિપ્તાદેવી હતું. જનોઈના સંસ્કાર વખતે સુતરની જનોઈનો ઈન્કાર કરતાં “ દયા કપાસ સંતોષ સૂત જત ગંઠી સતવટ, એહ જનેઉ જીવકા હેત પાંડે ઘટ, ના એહ ટૂટે ન મલ લગે, ન પહજલે, ..” કહી દયારૂપી સૂતર અને તેમાંથી સંતોષરૂપી તાર નીકળે અને તપથી જેની ગાંઠ વળે તેવી જનોઈ પહેરવાનો આગ્રહ રાખ્યો. નાનપણથી જ ધાર્મિકવૃતિ ધરાવતા નાનકને સંસારમાં જોતરવા ૧૪ વર્ષની ઉંમરે ગુરદાસપુર જિલ્લાના પખા ગામની સુલક્ષણા નામની કન્યા સાથે લગ્ન કરવામાં આવ્યા. તેમના બે પુત્રરત્નો શ્રીચંદ અને લક્ષ્મીચંદે તેમનું કુળ દિપાવ્યું.

બાળપણથી જ નિરંતર ઈશ્વરનું નામ સ્મરણ લેવામાં લીન તેમને નિશાળમાં ગુરુએ ‘પરબ્રહ્મ સિદ્ધ’ બોલવાનું કહેતાં નાનકે તેનો અર્થ સમજાવવાનું ગુરૂને પૂછ્યું... ગુરૂએ કીધું કે એમાં શું સમજાવવાનું હોય! નાનકે જવાબા આપ્યો : ‘હું મોટો થઈને સમજાવીશ.’ ભણવામાં મન ન લાગતાં તેમને ખેતરમાં પાક ખાઈ જતાં પક્ષીઓને થાળી કે ગોફણ નાખીને ઉડાડવાની કામગીરી સોંપી. પણ નાનક તો ‘... હર કી ચિડીયા હર કા ખેત, ખાઓ મેરી ચિડીયા ભર ભર પેટ...’ બોલતા જાય અને પક્ષીઓ ઉડાડવાને બદલે તેમને આમંત્રિત કરી દાણા ખવડાવા લાગ્યા. પિતા ગુસ્સે થાય ત્યારે આજ્ઞાકિત નાનક પિતાનું



કહેવું માનતા. પિતાએ તેમને ધંધા માટે ચીજ-વસ્તુઓ ખરીદવા અમુક રૂપિયા આપી કહ્યું કે લાભ થાય તેવું કરવાનું. તેઓ બજારમાં ખરીદી માટે જતા હતા ત્યાં ભૂખ્યા સાધુ-સંતો મળતાં તેમને જમાડવામાં આ પૈસા ખર્ચી નાખ્યા. પિતાએ જ્યારે ઠપકો આપ્યો ત્યારે કહ્યું કે ‘તમે મને લાભ થાય તેવું કરવાનું કહેલું; ભૂખ્યા સાધુ-સંતોને ખવડાવવા કરતાં તમને કે મને આ લોક કે પરલોકમાં વધારે લાભદાયક બીજું શું હોય?’ દુકાને માલનું વજન કરતાં કરતાં ગણતરી એકથી બાર ગણ્યા પછી તેર બોલીને આગળ વધતા નહીં કેમકે ‘તેરહ’ના ઉચ્ચારણ પછી સતત ‘તેરા ‘તેરા’નું રટણ કરતા. કંટાળીને તેમને ગામ બનેવીને ત્યાં સુલતાનપુર મોકલી દીધા. ત્યાં તેઓ નવાબને ત્યાં મોદીખાનામાં ભંડારી તરીકે નોકરી કરવા લાગ્યા. નવાબના કોઠારોમાંથી તેઓ લોકોને અનાજ લૂંટાવા લાગ્યા. જ્યારે નવાબે હિસાબ માગ્યો ત્યારે નાનકે કહ્યું કે હિસાબ કરી લ્યો... હિસાબ બરાબર નિકળ્યો.. કોઠારમાં કંઈ ઘટ્યું નહીં... તેથી નવાબનો નાનક પ્રત્યેનો અહોભાવ વધી ગયો અને બાદશાહે તેમને વજીર બનાવવાનું કહ્યું ત્યારે નોકરી જ છોડી દીધી. આ મોદીખાનું ‘હંટી સાહેબ’ તરીકે ઓળખાય છે. અને બાદશાહનો ભાઈ જેનું નામ મર્દાના હતું તે તેમના સૌપ્રથમ અનુયાયી, આજીવન સાથીદાર અને પ્રિય શિષ્ય બન્યા...મર્દાના મુસ્લિમ હતા અને સરસ ગાયક હતા. નાનક ગાતા અને મર્દાના રબાબ વગાડતા. બાલા હિંદુ શિષ્ય હતા. આમ, તેમની વાણીમાં હિન્દુ અને મુસલમાન ધર્મના સૂર હતા તેથી તેઓ બંનેની માટે એકતાના માટે નિમિત્ત બન્યા. તેઓ કોઈ એક ધર્મના ગુરુ નહી પણ આખી સૃષ્ટીના જગદગુરુ હતા. અને તેથી જ તેઓ હિંદુકા ગુરુ, મુસલમાનકા પીર કહેવાયા. નાનક પંજાબી ભાષાના મહાન કવિ હતા અને તેના કારણે પંજાબી ભાષા સમૃધ્ધ બની. ગુરુ નાનકની વાણી અને ધર્મગુરુઓની વાણી શીખોના ધર્મગ્રંથ ‘ગ્રંથસાહેબ’માં સંકલિત કરવામાં આવી છે. તેમણે કહ્યું કે ‘માણસે પોતાનું મસ્તક મૂંડવવાની જરૂર નથી, મન મૂંડવવાની જરૂર છે.’ બધા ધર્મગુરુઓએ વાણીને અંતે પોતાનું નામ ન મૂકતાં પોતાના આધ્યગુરુ ‘નાનકી’નું નામ મૂક્યું છે. ‘દશમગ્રંથ’, ‘જપજી’ અને ‘સુખમની’ એ શીખ ધર્મના અન્ય મહત્વના ગ્રંથો છે. નાનકે જયેષ્ઠને નહીં, શ્રેષ્ઠને મહત્વ આપતા ગુરુગાદી પર પોતાના પુત્રને ન બેસાડતાં દોરડા વણતા પોતાના શિષ્ય ‘લહના’ને ‘અંગદ’ નામ આપી ગુરુગાદીએ બેસાડ્યા. ગુરુ અંગદે ‘ગુરુમુખી’ લિપિની રચના કરી. તેમણે ગુજરાતમાં જૂનાગઢ, વેરાવળ, પ્રભાસપાટણ, સોમનાથ, પોરબંદર, દ્વારકા, ભૂજ ઉપરાંત નેપાળ, સિક્કિમ, ભૂતાન આદિ પ્રદેશોમાં ભ્રમણ કર્યું.

શીખ ધર્મની આધારશીલા સમાન અને સંસારીએ કરવાના ત્રણ કામ વિશે નાનકસાહેબે ગૃહસ્થ જીવનનો મંત્ર ‘નામ જપના, કિરત કરના, વંડ છકના’ આપ્યો. અર્થાત સાચા મનથી ઈશ્વરનું નામ જપો, ઈમાનદારી અને પરિશ્રમથી કામ કરો તેમજ ધન દ્વારા દુ:ખી, અસહાય અને જરૂરતમંદ લોકોની સેવા કરો.